# હોમિયોપથી દ્વારા રાઇટ સેરેબેલર એસ્ટ્રોસાઈટોમસનો ઇલાજ

એસ્ટ્રોસાઇટોમસ એક પ્રકારની ટ્યૂમર (ગાંઠ) છે, જે નર્વસ સિસ્ટમના સપોર્ટિંગ કોષમાં ઉદ્ભવે છે. બાળકોમાં મગજમાં જોવા મળતી ટયૂમરમાં સેરેબેરલ એસ્ટ્રોસાઇટોમસ સૌથી સામાન્ય છે. એસ્ટ્રોસાઇટોમા નાના મગજમાં થાય છે, જે શરીરની હિલચાલ અને સંતુલન પર નિયંત્રણ કરે છે. બાળકોમાં મગજની ટ્યૂમરમાં સેરેબેરલ એસ્ટ્રોસાઇટોમાનું પ્રમાણ લગભગ ૧૫થી ૨૦ ટકા હોય છે. આ ટ્યૂમર વયસ્કોને પણ થઇ શકે છે, પણ એવું બહુ ઓછું જોવાં મળે છે. મોટા ભાગની આ પ્રકારની ટ્યૂમર લૉ ગ્રેડ ટ્યૂમર હોય છે, જે ધીમેધીમે વધે છે. હાઇગ્રેડ અથવા મેલિગ્નન્ટ ટ્યૂમર જવલ્લે જ થાય છે.

**લક્ષણો :** આ રોગમાં સૌથી સામાન્ય લક્ષણ છે ચાલવામાં તક્લીફ, નોશિયા (મોળ), માથાનો દુખાવો અને ઊલટી. મગજની ગાંઠના શરૂઆતનાં કેટલાંક લક્ષણોમાં માથાનો દુખાવો અને મોળ, ગાંઠને લીધે ખોપરીમાં દબાણ વધી જવાથી થાય છે અથવા મગજ અને કરોડરજ્જુની આસપાસનું સેરિબ્રોસ્પાઇન્લ પ્રવાહી વધી જવાથી થાય છે. અન્ય લક્ષણો ગાંઠના જથ્થા-કદને લીધે થાય છે અથવા ગાંઠના કોષોને લીધે આસપાસના કોષો પર દબાણ આવવાથી ઉદ્ભવે છે. આ લક્ષણો ગાંઠ મગજના કયા ભાગમાં છે એના આધારે જુદાં જુદાં હોઇ શકે.

**કેસ સ્ટડી :** વર્ષ ૨૦૦૩ની આઠમી ડિસેમ્બરે ૧૧ વર્ષની રેશમા (નામ બદલ્યું છે)ને એની મમ્મી મારા ક્લિનિકમાં લઇ આવી. રેશમાના રિપોર્ટ મુજબ જમણી બાજુના નાના મગજમાં થયેલી ગાંઠ મે-૧૯૯૯ના સીટી સ્કેન રિપોર્ટમાં દર્શાવ્યા કરતાં ઘણી વધી ગઇ હતી. એપ્રિલ-૧૯૯૯ અને ઓક્ટોબર-૨૦૦૩માં રેશમાની સર્જરી થઇ હતી. તેને તાવ, ઊલટી અને માથાના આગળના ભાગમાં દુખાવો રહેતો હતો અને રાઇટ સેરેબેરલ એસ્ટ્રોસાઇટોમાનું નિદાન થયું હતું.

**મુખ્ય ફરિયાદ :** દરદીનો જમણો હાથ ધ્રુજતો હોવાથી એને જમવામાં અને લખવામાં મુશ્કેલી પડતી હતી, જેને પરિણામે એણે શાળા પણ છોડવી પડી હતી. રેશમાનું ચાલવાનું ધીમું હતું અને એનું સંતુલન પણ જતું રહેતું હતું. એ બેઠી હોય તો જાતે ઊભી થઇ શકતી નહોતી અને આખો દિવસ સૂઇ રહેતી હતી. એ મંદ-નિરુત્સાહ દેખાતી હતી તથા બીજા ઓપરેશન પછી એને તાવ આવ્યો હતો અને સીએસએફ ડ્રેનેજ કરવામાં આવ્યું હતું.

**ડૉ. નરેન્દ્ર મહેતા**
(એમ.ડી.-હોમિયોપેથી)
www.ndhomeopathy.com
narendradr45@gmail.com
youtube : narendradr45 homeopathy

દરદીના બીજા ઓપરેશન પહેલાં ઓગસ્ટમાં એના પિતાનું ડાયાબિટીસને લીધે અવસાન થયું હતું. રેશમા એમની લાડકી હતી અને એમને સતત યાદ કર્યા કરતી હતી. એ અતડી રહેતી હતી અને ઘરમાં જ બેસી રહેતી. કોઇ એને વઢે તો તરત જ રડવા લાગતી હતી. અંધારાનો એને ડર લાગતો હતો. પોતાની મમ્મીને એ ક્યાંય જવા દેતી નહોતી, ક્યારેક જાય તો એ ગુસ્સે થઇ જતી. એને વાંચવાનો, ભણવાનો, સંગીત સાંભળવાનો અને ગીતો ગાવાનો શોખ હતો. પરંતુ હવે એને અવાજ સાંભળીને ગુસ્સો આવતો હતો. શાળાએ જતી ત્યારે પોતાનો અભ્યાસ જાતે કરતી હતી. તાવ આવે ત્યારે એ સૂઇ રહેતી અને હતાશ દેખાતી. એને પૈસા ખર્ચવાનું ગમતું નહોતું. પિતાની વાત કરતી વખતે એ રડી પડી. પોતાનાં પુસ્તકો, કપડાં વ્યવસ્થિત રાખતી. એની ભૂખ સામાન્ય હતી પરંતુ આખો દિવસ સૂઇ રહેતી-૧૦થી ૧૨ કલાક કરતાં પણ વધુ સમય સૂઇ રહેતી. એને શિયાળો-ઠંડી ગમતાં નહોતાં. ગરમ ભોજન એને ભાવતું પરંતુ શાકભાજી ભાવતા નહોતાં. સાડા ત્રણ વર્ષની વયે એ પડી ગઇ હતી.

આઠમી ડિસેમ્બરે એનો ઉપચાર શરૂ કર્યો.

**ફોલોઅપ : ત્રણ અઠવાડિયા પછી :** રેશમા હવે વાત કરવા લાગી હતી. ચાલતી વખતે એનું સંતુલન સુધર્યું હતું. એણે રમવાનું શરૂ કર્યું હતું. જમ્યા પછી પોતાની જાતે ઊભી થઇ શકતી હતી. હવે એ હતાશ પણ દેખાતી નહોતી અને લાંબો સમય સૂઇ પણ રહેતી નહોતી. એને વાંચવાની ઇચ્છા થતી હતી અને પીઠનો દુખાવો ઓછો થયો હતો.

**નિષ્કર્ષ :** દરદીની શારીરિક-માનસિક સ્થિતિમાં સુધારો થયો હતો.

**ફોલોઅપ : ચાર અઠવાડિયા પછી :** રેશમા હવે કોઇપણ જાતના ટેકા વગર ચાલી શકતી હતી. એકલી બાથરૂમ સુધી જઇ શકતી હતી અને પોતાની જાતે ઊઠી-બેસી શકતી હતી. એ રમવા જતી હતી અને વાતચીતમાં ભાગ લેવા લાગી હતી. એનો ગુસ્સો થોડો ઓછો થયો હતો. એની મમ્મી એને છોડીને બહાર જતી તો એ ગુસ્સે થતી નહોતી ફક્ત જવાનું કારણ જાણવા માગતી. એને લખવાની ઇચ્છા પણ થવા લાગી હતી.

**નિષ્કર્ષ :** દરદીએ બાહ્ય વિશ્વ સાથે ભળવાનું શરૂ કર્યું હતું. લખવાની ઇચ્છા સારી નિશાની હતી.

**ફોલોઅપ : ત્રણ મહિના પછી :** રેશમાએ જાતે જમવાનું શરૂ કર્યું હતું. હાથના હલનચલનમાં, ચાલવામાં સુધારો થયો હતો. રમતી વખતે દોડી પણ શકતી હતી, ઊંઘ સામાન્ય થઇ ગઇ હતી. ઊંઘીને ઊઠ્યા પછી એ માથું ઓળતી, પાઉડર લગાડતી અને અરીસામાં જોતી. એ પોતાના દેખાવ પ્રત્યે સભાન બની હતી. એણે વાંચવાનું અને ગીતો ગાવાનું શરૂ કર્યું હતું.


**નિષ્કર્ષ :** જીવન જીવવાની ઇચ્છા જોવા મળી હતી.

**ફોલોઅપ : આઠ મહિના પછી :** રેશમાના હસ્તાક્ષર હવે લગભગ અગાઉ જેવા-એની માંદગી પહેલાં હતાં એવા થઇ ગયા હતા. એ શાળાએ જવા લાગી હતી અને પોતાની જાતે અભ્યાસ કરતી હતી. શાળામાં લાંબો સમય બેસતી હતી અને ઘરમાં પણ અભ્યાસ કરતી હતી.

**ફોલોઅપ : ૧૧ મહિના પછી :** રેશમા દોડી શકતી હતી અને લાંબો સમય ચાલી પણ શકતી હતી. એ પરીક્ષામાં ૬૨ ટકા સાથે ઉત્તીર્ણ થઇ હતી.

**નિષ્કર્ષ :** આ કેસમાં આપણે જોયું કે સપ્રેશનના ચાર્ટ મુજબ રોગ પાંચમા લેયરથી સાજો થઇને બીજા લેવલે પહોંચ્યો હતો, ન્યૂરો-એક્ટોડર્મથી એન્ડોડર્મ સુધી. એની લખવાની ઇચ્છા, નેલપેન્ટ લગાડવું અને તૈયાર થવું હકારાત્મક નિશાની હતી. એ એની જીવન જીવવાની ઇચ્છા દર્શાવતી હતી.

Right Cerebellar Astrocytoma



(A) & (B) Desire to write

(D) & (E) Balance & writing improved

(C) Her hand movements improved

(F) Enjoying normal life



# આંતરડાંનો સોજો

**પ્રશ્નઃ મને એકદમ પાતળા ઝાડા થાય છે. તેમાં લોહી વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. ઝાડો ચીકણો થાય છે. ઝાડાની જગ્યાએ ખંજવાળ આવે. શરીરમાં બેચેની લાગે, પેટમાં ગૅસ જણાય, અજંપો અને પેટમાં સખત દુઃખાવો થાય છે. દિવસમાં પંદરથી વીસ વાર ઝાડે જવું પડે છે. આથી થાક લાગે છે. વજન પણ ઘટતું જાય છે. હિમોગ્લોબીન પણ ઘટી જાય છે. કોઈ વાર તાવ પણ આવી જાય. આનો કોઈ દેશી ઈલાજ હોય તો જણાવવા વિનંતી.**

**- મનહરભાઈ, વસઈ**

**ઉત્તરઃ** આવી સ્થિતિમાં અતિસાર, રક્ત-પ્રવાહિકા આ બધાથી છૂટા પાડીને આંતરડાના છેલ્લા ભાગમાંથી ડૉક્ટરો 'સિગ્મોઈડોસ્કોપી' કરી એનું નિદાન કરે છે. જેથી રક્તાતિસાર નહીં પણ વ્રણપ્રધાન આંતરડાનો સોજો છે એવું નિદાન કરે છે. આવી સ્થિતિમાં તમારે ખૂબ જ ધીરજ અને ખંતથી સારવાર કરવી જરૂરી બને છે. આમાં તમારે સંપૂર્ણ આરામ કરવો જોઈએ. ધીરે ધીરે જ્યાં સુધી મળ બંધાઈને સાફ આવે અને ઝાડાની પરીક્ષામાં લોહી અને પરું આવતું બંધ થાય અને આંતરડાની પરીક્ષામાં વ્રણ રૂઝાઈ જાય ત્યાં સુધી આરામ કરવો અનિવાર્ય બને છે.

કેટલીક વાર દરદીને કોલાઈટીસ ઠીક ઠીક ઉગ્ર પ્રમાણમાં હોય. પરિણામે આધુનિક ઔષધો શરૂ કરે. આનાથી રોગમાં થોડો અંકુશ જણાય. રોગ પણ કાબુમાં આવતો જણાય, પણ શરીર ક્ષીણ થતું જાય. આવી વ્યક્તિએ વારંવાર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું થાય. આને કારણે ખાનપાનમાં વ્યવસ્થિત રહી શકતા નથી. જ્યાં જે મળ્યું તે ખાવું. હવામાન અને પાણીનો પણ ફેર થયા કરતો. આવી સ્થિતિમાં એમના આહારનો ભાર એમના આંતરડા ઝીલી શકયા નહીં અને આંતરડામાં ચાંદા પડવા લાગે.



**આયુર્વેદ**
**ડૉ. મલ્લિકા ચંદ્રશેખર ઠકકુર**
ટેલિ.૨૬૦૪૭૫૭૪ dr.mallika@sinpha.com
(૧૦.૦૦થી સાંજે ૫.૦૦ સુધી)

આવી સ્થિતિથી એકથી વધુ વાર મળપ્રવૃત્તિએ જવું પડે. શરૂઆતમાં આમજન્ય સોજો જેને મ્યુકસ કોલાઈટીસ કહેવામાં આવે છે ત્યારે એ રોગ આગળ વધે એને લઈ 'અલ્સરેટીવ કોલાઈટીસ' થાય. આ રોગમાં અનેક કારણો છે. પેટના દર્દોના નિષ્ણાત તબીબોનું માનવું છે કે વધુ પડતા ઉર્મિશીલ, લાગણીવશ અને ચંચળ પ્રકૃતિ ધરાવતા લોકોમાં આ રોગ એકાએક થાય છે. આ રોગ દવાથી મટે પણ વારંવાર હુમલો થયા કરે છે.

આયુર્વેદિક ઔષધોમાં બિલ્વાદી ચૂર્ણ એક ચમચી, કર્પૂર રસ એક ગોળી, ચંદ્રકલા રસ બે ગોળી, શોણિર્તાગલ બે ગોળી, પંચામૃત પર્પટી અડધી ચમચી, અસલી નાગકેસ અડધી ચમચી સર્વે ભેગું કરી એના પડીકા બનાવી દરેક પડીકું એક સવારે અને એક રાત્રે લેવાથી થોડા જ દિવસમાં મળપ્રવૃત્તિ અંકુશમાં આવી જાય છે. દુઃખાવો અને બેચેની દૂર થાય છતાં આરામ પણ જરૂરી બને છે.

આ પડીકા ઉપરાંત હાઉબેર નામની વનસ્પતિનો કાઢો હિબેરાદીક્વાથ પણ લઈ શકાય. આ કાઢાથી ઘણા લોકોને સારા પરિણામ સાથે જોયા છે. આવા દરદીઓએ ખોરાકમાં દૂધ લેવું કે નહીં તે અંગે હજી મતભેદ છે, પણ દહીં અને છાશ ઉપકારક નીવડે છે. ખોરાકમાં સવારના બાજરાના પાતળા ખાખરા, દહીં અથવા માઈલ્ડ અથવા પાકેલાં કેળાં, જમવામાં છાશ, મૂળા કે કાકડીનું સલાડ, ભાત-દાળનું પાણી, જુવાર કે બાજરાની રોટલી, પપૈયું અથવા કેરી સાંજે બાજરાની પાતળી બે રોટલી, સાધારણ માખણ અને રાત્રે ટમેટાનું પાતળું સૂપ, દહીં, બાફેલા બટાટા, તાંદળજાની ભાજી કે સાદી ઈડલી કે જુવારની રોટલી જેવા ખોરાકનો કાર્યક્રમ જાળવી રાખવો જોઈએ. આ ઉપરાંત મરચાં, મસાલા, પાપડ, અથાણાં ઉપરાંત ઘઉંની વાનગી, બિસ્કિટ કેક પણ બંધ કરવા જોઈએ.

આંતરડાના આવા સોજા વેળા કડાછાલ એક ઉત્તમ વનસ્પતિ છે. કુરમરિષ્ટ એનું અમૂલ્ય ઔષધ છે. જમીને બબ્બે ચમચા પાણી સાથે લઈ શકાય. કડાછાલનો ક્વાથ કરી એના સત્વની ગોળી કુટજાદિવટી પણ સર્વત્ર મળે છે. એની બબ્બે ગોળી સવાર, બપોર, સાંજ પાણી સાથે લઈ શકાય. કડુ રેચક છે, જ્યારે કડાછાલ ઝાડાને મટાડી દસ્તને પચાવી સાફ લાવે છે. એ પણ કડવી છે. તીખી છે. તૂરી છે. ઠંડી છે એટલે જ પેટનાં જૂનાં દરદ, ઝાડો, મરડો, સંઘરાણી અને એમાં લોહી-પરું મટાડે છે. એ નળવાયુને મટાડે છે. કૃમિ દૂર કરે છે.

આ કડાછાલ ગુણમાં ગ્રાહી, શીતળ અને પિત્તશામક છે એ અતિસાર, હરસ, મરડાના દરદીને ઉપયોગી છે. કડાછાલનો સ્વરસ મધ સાથે આપવાથી પ્રમેહ અને કમળામાં ફાયદો થાય છે. તેનાથી લોહી સુધરે છે. પ્રદર પણ સાફ આવે છે. એ પૌષ્ટિક દવા તરીકે ઉપયોગી છે.

કડાના મૂળ અતિવિષ પહાડમૂળ, ધાવડીના ફૂલ, લોધન, નાગરમોઘ કાળોવાળો અને દાડમની છાલ એ દરેક પાંચ ગ્રામ લઈ તમામનો કાઢો કરવો. આ કાઢાના ઉપયોગથી દાહ, રક્તશૂળ, આમશૂળ, આમ સહિતના અતિસારના ઝાડામાં ઉત્તમ ગુણ કરે છે.

આંતરડામાં સોજો થવાના મુખ્ય કારણોમાં મળશુદ્ધિનો અભાવ જોવામાં આવે છે. સાથોસાથ મરચાં, મસાલા, તેજાનાવાળા પદાર્થોનો અતિયોગ પણ એને માટે જવાબદાર છે. કબજિયાત મટાડવા માટે પણ કેટલાક સાદા, સરળ પ્રયોગો છે. જેમાં સુંઠ, વરિયાળી અને સિંધવ, કાળા દાણા બધા દસ ગ્રામ લઈ નાની હરડે ૨૦ ગ્રામ, સોનામુખી ૪૦ ગ્રામ આ બધાને સાફ કરી ખાંડી બારીક કરી સારા પાત્રમાં ભરી રાખવું. આ ચૂર્ણ રાત્રે એકથી બે ચમચી સૂતી વખતે લેતાં પેટનો કોઠો શુદ્ધ બને છે. ચૂક પડતી નથી. લોહી સ્વચ્છ બને છે.

ખંજવાળ દૂર થાય છે. આની જોડે એક ચમચી લવણ ભાસ્કર ચૂર્ણ લેતાં સવારે બંધાયેલો થયેલો દસ્ત સાફ આવી જાય છે. વાયુ થતો નથી. પાચન સુધરે છે. વાયુનું અનુલોમન થાય છે. આનાથી આંતરડાને કોઈ જાતનું નુકસાન થતું નથી. આ પ્રયોગ જમીને તરત ન કરવો. આ નિર્દોષ પ્રયોગથી આદત પડતી નથી. માત્ર તાજું સ્વચ્છ બનાવેલું ચૂર્ણ વાપરવાથી અકસીર અસર બતાડે છે.

# ફોટોગ્રાફિક યાદશક્તિ

લગભગ પચીસેક વર્ષ પહેલાં પોતાના પુત્રને લઈને એક પિતા તેને વારંવાર થતી શરદી તેમ જ ખાંસીના ઈલાજ માટે આવ્યા હતા. આ છોકરાની ઉંમર ત્યારે પાંચ વર્ષની હતી અને ડૉક્ટર તેને તપાસીને દવા લખતા હતા ત્યારે પેલો છોકરો પિતાને કહી રહ્યો હતો, ''આજે તમે મને એક રમકડું અપાવશો તો મારી પાસે કુલ ૧૫ રમકડાં થશે. નાની બહેન પાસે ચાર રમકડાં છે અને તે બે વર્ષની છે. માટે તમે તેને બીજાં બે રમકડાં અપાવશો તો તેની પાસે કુલ છ રમકડાં થશે અને આપણા ઘરમાં ૨૧ રમકડાં થઈ જશે.''

ડૉક્ટરે આ સાંભળ્યું અને પાંચ વર્ષના બાળકનું આવું પાકું ગણિત જાણી તેમને ખુશી થઈ અને પેલા છોકરામાં રસ પણ પડ્યો. પિતા સાથે વધુ વાત કરતાં તેમણે જાણ્યું કે આ છોકરાને આંકડાઓમાં બહુ જ રસ પડતો. તે આંકડાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર તેમ જ ભાગાકાર આસાનીથી કરતો. આંકડાઓ તેને યાદ પણ બહુ જ રહેતા. ઘરના સૌની જન્મતારીખ વર્ષ સાથે તેને યાદ હતા. આમ જ્યારે ત્યારે તે આંકડાઓની રમત રમી મન બહેલાવી લેતો. ડૉક્ટરે પિતાને અભિનંદન આપતાં કહ્યું કે આ છોકરાને માતા-પિતાએ આ બાબતમાં પ્રોત્સાહન આપવું તેમ જ તેની પ્રશંસા પણ કરવી અને તેને રોજેરોજ આંકડાઓ સાથે આ રીતે રમવા સમય આપવો, જેથી તેને પ્રેક્ટિસ મળે. આ છોકરો આગળ જતાં ખૂબ જ નામ કમાશે.

**બાળઉછેરની કેડી**
**ડૉ. એન. સી. જોષી**

આ પછી તો જ્યારે જ્યારે આ છોકરો ડૉક્ટર પાસે આવતો ત્યારે ત્યારે ડૉક્ટર તેના ઉછેર બાબત તેમ જ વિકાસ બાબત માતા-પિતા સાથે ચર્ચા કરતા અને સલાહ પણ આપતા. માતા-પિતા ભણેલાં હોવાથી છોકરાનો ઉછેર સુંદર રીતે કરતા હતા અને શાળામાં પણ છોકરો ભણવામાં પ્રથમ જ રહેતો. તેની ફોટોગ્રાફિક મેમરીનો વિકાસ સારો એવો થયો હતો. શાળાના સમયથી જ ગણતરીઓ કરવામાં તે કેલક્યુલેટર કરતાંય આગળ રહેતો. ગ્રેજ્યુએટ થયા પછી તેણે ફાઈનાન્સમાં એમબીએ કર્યું અને બૅન્કમાં નોકરી મળી. થોડા જ સમયમાં તેની આવડત અને યાદશક્તિને લઈને તેની પસંદગી ન્યૂ યૉર્કની બૅન્કમાં થઈ અને આજે તે ખૂબ જ ઊંચી પદવી પર છે.

અહીં ખાસ જણાવવાનું કે ઊંચી બુદ્ધિમત્તાવાળા ઘણાં બાળકો હોય છે. તેમના યોગ્ય ઉછેર માટે તેમને સરખું માર્ગદર્શન મળે તો તેઓ દેશને પણ ગૌરવ અપાવી શકે. આવાં બાળકોના માતાપિતાને જણાવવાનું કે આવાં બાળકોની શક્તિ અખૂટ હોય છે. તેમના ઉછેરમાં ખૂબ જ ધ્યાન રાખવાથી તેઓ દુનિયાને કંઈક કરી બતાવી શકે છે.

સ્વામી વિવેકાનંદ એક આખુંય પુસ્તક એક જ દિવસમાં વાંચી કાઢતા અને પોતાની ફોટોગ્રાફિક મેમરીને લઈને તેમને એક એક શબ્દ યાદ રહેતો. તેઓ કહેતા કે જે રીતે કોઈ પણ અક્ષર ઉપર નજર ફેરવતા જ આપણે તે શબ્દને ઓળખી લઈએ છીએ અને પછી અક્ષરોના બનેલા શબ્દને જોતાં જ વાંચી શકીએ છીએ અને આગળ અનેક શબ્દો વડે બનેલાં વાક્યને પણ નજર ફેરવતા જ વાંચવા લાગીએ છીએ તે જ રીતે પુસ્તકનાં પાનાં પર નજર ફરતાં જ તે આખેઆખું પાનું વાંચી શકાય છે અને યાદ પણ રાખી શકાય છે. આ બધું શક્ય ત્યારે જ બને છે, જ્યારે માણસને પોતાના પર પૂર્ણ સંયમ હોય, તેનામાં ભરપૂર એકાગ્રતા હોય, નિરીક્ષણ કરવાની શક્તિ હોય અને રોજેરોજની પ્રેક્ટિસ હોય.

આવા જ બીજા એક યુગપુરુષ થઈ ગયા તે આપણે જાણીએ છીએ. શ્રીમદ રાજચંદ્રજી. તેઓ શતાવધાની હતા. ફોટોગ્રાફિક યાદશક્તિ, સાહિત્યનું જ્ઞાન, કાવ્યસર્જન, ગણિત, સંગીત વગેરેના મહારથી એવા આ યુગપુરુષ અનેક વખત કસોટી પાર કરી ચૂક્યા હતા.

**- બકુલેશ આર. ઠક્કર**

## માઇન્ડ કૅર ઍન્ડ મૅનેજમેન્ટ કેસ સ્ટડી-૨૩

# તોતડાવું એ માનસિક સમસ્યા છે

તોતડાપણું એક સામાન્ય ડિસઓર્ડર છે, જેને અંગ્રેજીમાં 'સ્ટટરીંગ', 'સ્ટેમરીંગ' અથવા 'ચાઈલ્ડહૂડ ઓનસેટ ફલુઅન્સી ડિસઓર્ડર' કહેવામાં આવે છે. આ ડિસઓર્ડરમાં સામાન્ય વાતચીતમાં વારંવાર અને નોંધપાત્ર મુશ્કેલીઓ થતી જોવા મળે છે. સાથે જ વાણીપ્રવાહમાં પણ તકલીફ થતી હોય છે.

બોલવાનું શીખતા બાળકોમાં સ્ટટરીંગની સમસ્યા સામાન્ય ગણવામાં આવે છે, કારણ કે તેઓની બોલવાની અને ભાષાની ક્ષમતાઓનો પૂર્ણપણે વિકાસ થયો હોતો નથી. તેમ છતાં મોટા ભાગનાં બાળકો ઉંમરના વિકાસ સાથે આ તબક્કામાંથી સદંતર બહાર આવી જતાં હોય છે. કેટલીકવાર આ સ્ટટરીંગની સમસ્યા પ્રૌઢત્વ પછી પણ જળવાયેલી રહે છે. જેના પરિણામ સ્વરૂપ પીડિતનું સ્વાભિમાન અને બીજી વ્યક્તિઓ સાથેની ક્રિયા-પ્રતિક્રિયા ઉપર નકારાત્મક અસર થતી જોવા મળે છે.

**લક્ષણો**

શબ્દ, શબ્દસમૂહ અથવા વાક્ય શરૂ કરવામાં મુશ્કેલી થવી. એક શબ્દ બોલવામાં અથવા તેના ઉચ્ચારણમાં લંબાણ થવું. એક સ્વર, ઉચ્ચારણ અથવા શબ્દનું પુનરાવર્તન થવું. એક શબ્દ બોલવામાં બિનજરૂરી અટકવું તેમ જ કેટલાક ઉચ્ચારણોમાં અટકી જવું. જો વાક્યમાં બીજો શબ્દ બોલવામાં તકલીફ થતી હોય તો વધારાના શબ્દો જેમ કે 'ઉમ'નું ઉચ્ચારણ વારંવાર થવું. એક શબ્દના ઉચ્ચારણ સમયે ચહેરાના ભાગ ઉપર અત્યંત તાણ જોવા મળવી. વાતચીતની શરૂઆત કરતા પહેલા ચિંતા થવી.

ઉપરોક્ત લક્ષણો ઉપરાંત ઘણા લોકોમાં વારંવાર આંખના પલકારા, હોઠ અથવા જડબાના ભાગમાં ધ્રુજારી, ચહેરાના સ્નાયુઓનું સંકોચન, માથામાં આંચકા અથવા બોલવા સમયે મુઠ્ઠી જકડાતી જોવા મળે છે.

લોકોના સમૂહની સામે તેમ જ ફોન પર વાત કરવામાં વ્યક્તિ મુશ્કેલી અનુભવે છે, પણ પોતાની જાત સાથે વાત કરવાના સમયે અથવા ગીત ગાવાના સમયે ઉપર મુજબની કોઈ મુશ્કેલી થતી નથી.

**કારણો**

લાંબા સમય સુધી રહેતી સ્ટટરીંગની સમસ્યાના કારણોનું અધ્યયન સંશોધકો કરી રહ્યા છે. જેમાં કેટલાંક પરિબળોનું સંયોજન આ તકલીફ માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે.

**(૧) ભાષાના નિયંત્રણમાં વિકૃતિ :** ભાષાને નિયંત્રિત કરનારા મગજના વિભાગમાં જો વિકૃતિ હોય જેમાં સમયસૂચકતા, સંવેદનાત્મકતા અને તાલમેલમાં ખામી હોય તો સ્ટટરીંગની સમસ્યા ઊભી થઈ શકે છે.

**મેહુલકુમાર દવે**
(ન્યુરો સાયકોથેરાપિસ્ટ)
info@mcarem.com

**(૨) જનીન અને વારસાગત :** સ્ટટરીંગ કેટલાક પરિવારના સભ્યોમાં વારસાગત જોવા મળે છે. મગજમાં ભાષાના કેન્દ્ર સાથે સંકળાયેલા વિકૃત જનીનના પરિણામ સ્વરૂપ આ ડિસઓર્ડર થઈ શકે છે.

**(૩) તબીબી પરિસ્થિતિ :** શરીરમાં આંચકી, સ્ટ્રોક, મગજને ઈજા તથા આઘાતથી પણ આ સમસ્યા ઉત્પન્ન થઈ શકે છે.

**(૪) માનસિક સ્વાસ્થ્યને લગતી તકલીફો :** ભાવનાત્મક આઘાત લાગવાથી પણ આ ડિસઓર્ડર જન્મ લેતો જણાય છે.

સુશાંતની વય ૧૮ વર્ષની છે. 'માઈન્ડ કેર ટીમ' દ્વારા તેની કેસ હિસ્ટ્રી લેતાં જાણવા મળ્યું કે નાનપણથી જ તે થોડું અટકીને બોલતો તથા વાતચીત શરૂ કરવામાં પણ તકલીફ અનુભવતો. આ પરિસ્થિતિને તેનાં માતા-પિતા અને પરિવારજનો દ્વારા સામાન્ય ગણવામાં આવી હતી. જોકે, સુશાંતની ઉંમર વધવાની સાથે તેનો શારીરિક અને માનસિક વિકાસ સામાન્ય હોવા છતાં તેની બોલવાની પરિસ્થિતિ પહેલાની જેમ જ જળવાયેલી રહી હતી. ૧૦ વર્ષની વયે ડૉક્ટરની મુલાકાત લેતા સુશાંત સ્ટટરીંગ ડિસઓર્ડરથી પીડાતો હોવાનું નિદાન કરવામાં આવ્યું. થોડાં વર્ષો સુધી તેને સ્પીચ થેરાપીના સેશન્સ પણ આપવામાં આવ્યા, છતાં તેની પરિસ્થિતિમાં કોઈ ખાસ ફેર પડ્યો નહીં. સુશાંતને શાળામાં અને પછી કૉલેજમાં પણ તેના સહાધ્યાયીઓ ચીડવતા હોવાથી તેના આત્મવિશ્વાસમાં ઘટાડો થયો હતો.

સુશાંતને હેમોએન્સેફેલોગ્રાફી (એચઈજી) ન્યૂરો ફિડબેક અને લો લેવલ લેઝર (એલએલએલટી) થેરાપીના સેશન્સ આપવામાં આવ્યા. સાથે જ વિવિધ તકનિકોનો સમન્વય કરી કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. તદ્ઉપરાંત કેટલીક વાંચનની પ્રેક્ટિસ કરવાનું પણ સૂચન કર્યું. લગભગ ચાર મહિનાના પ્રયત્નો બાદ સુશાંતના સ્ટટરીંગમાં ઘટાડો જોવા મળ્યો. હવે તે બોલવામાં યોગ્ય સમયે વિરામ લેવા લાગ્યો તેમ જ શબ્દનું ઉચ્ચારણ પણ વ્યવસ્થિત કરવા પ્રયત્ન કરતો હતો. જેથી તેના આત્મવિશ્વાસમાં પણ વધારો થયો.

વધુ માહિતી માટે સંપર્ક કરો સિનિયર ન્યૂરોસાઇકોથેરાપિસ્ટ ખ્યાતિ કચેરિયા - ૮૬૫૫૪૯૦૬૭૧ (સંપર્કનો સમય - સવારના ૧૧થી સાંજના ૬ વાગ્યા સુધી જ) અથવા મુલાકાત લો - www.mcarem.com

નિષ્ણાત અને અનુભવી કાઉન્સેલિંગ ન્યૂરોસાઇકોથેરાપિસ્ટ મેહુલકુમાર દવે દ્વારા સ્થાપિત અને સંચાલિત 'માઈન્ડ કેર એન્ડ મૅનેજમેન્ટ એસોસિયેટ્સ પ્રા. લિ.'ના મનોચિકિત્સકો અને થેરાપિસ્ટસની ટીમ ટેક્નૉલૉજી આધારિત વિવિધ થેરાપી દ્વારા મગજની બીમારીઓની સારવાર તથા માનસિક સ્વાસ્થ્યની જાગૃતિ માટે છેલ્લા અઢી વર્ષથી મુંબઈ અને દિલ્હીમાં સતત કાર્યરત છે.

# વૅક્સિનનો રાક્ષસ ભારતના યુવાધનને ભરખી જશે?

કેટલાંક વર્ષ પહેલાં વૅક્સિનેશન દ્વારા દેશનું યુવાધન યુવાન વયમાં નિર્વીર્ય બનશે તેવી આંતરરાષ્ટ્રીય કાવતરાની ગર્ભિત ચેતવણી આપતું ચોપાનિયું વાંચેલું ત્યારે બધાની જેમ માનસિક રીતે તેનો સ્વીકાર નહોતો થયો, પરંતુ હાલમાં ઇન્ટરનેટ ઉપરથી ડાઉનલોડ કરેલા સાયન્ટિફિક સત્યોથી જાણવા મળે છે કે દાળમાં કંઈક કાળું તો જરૂર છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને ભારતને ૨૦૧૪માં પોલિયો ફ્રી નેશન જાહેર કર્યા પછી એ જ વર્ષમાં ૫૪,૮૭૦ પોલિયોના નવા કેસ રજિસ્ટર થયા પછી લાગે છે કે આખી દાળ કાળી છે.

પ્રજ્ઞાવાન માતા-પિતા પોતાના બાળકને આ વૅક્સિન આપવાની ના પાડે ત્યારે સરકારી બાબુઓ વર્લ્ડ બૅન્ક અને વૅક્સિન બનાવનારાઓ વતી રસી લેવા માટે દબાણ કરે છે. તેઓને ખ્યાલ નથી કે યુરેનિયમના રેડિયોએક્ટિવ સબસ્ટેન્સ કરતાં પણ વૅક્સિનમાં આવતો પારો હજાર ગણો વધારે ટોક્સિસિટીવાળો છે જે બાળકની સંપૂર્ણ નર્વસ સિસ્ટમને ડેમેજ કરી શકે છે. ભારત સરકારે પણ છાપાઓમાં જાહેર ખબર આપવી પડે છે કે સરકારી એપ્રુવ્ડ વૅક્સિન સિવાય કોઈ વૅક્સિન પ્રાઇવેટ હૉસ્પિટલોમાં લેવી નહીં.

યુ.એસ. વૅક્સિન કોર્ટે પણ આ વૅક્સિનમાં આવતો પારો, સીસુ અને એલ્યુમિનિયમ દ્વારા ઓટિઝમ નામનો રોગ થાય છે તેવું કબૂલ કર્યું છે અને આવા ૮૩ શંકાસ્પદ કેસમાં વૅક્સિન બનાવતી કંપનીને કોમ્પેન્સેશન આપવા માટે આદેશ આપ્યો છે. ઓટિઝમ થનારું બાળક એકલું અટૂલું પડ્યું રહે છે, કૉમ્યુનિકેશનમાં તકલીફ પડે છે અને બાળકને બ્રેઇનને લગતી બીમારીઓ થઈ શકે.

ડિફથેરિયા, કફ, ટિટેનસ તેમ જ હેપેટાઇટિસ બી, હેમોફીલ, ઇન્ફ્લુએન્ઝા, મિસલ્સ મમ્પસ રૂબેલા વગેરે રસીઓથી સમગ્ર માર્કેટ ખડકાઈ ગયું છે. ૬ મહિના સુધી બાળક માતાના દૂધ સિવાય કશું જ પચાવી નથી શકતું. તેવા બાળકને મેડિકલ સાયન્સના ધોરણ મુજબ સમગ્ર વર્ષ દરમિયાન ન આપી શકાય તેટલું મેટલ રસીના એક ડોઝમાં આપી દેવામાં આવે છે. ગાંધીજીએ અ ગાઇડ ટુ હેલ્થ નામના પુસ્તકમાં લખ્યું હતું કે આ એક જંગલીયતભરી હરકત છે જેમાં ભૂતને કાઢવા માટે પલિતને બેસાડવામાં આવે છે.

વેજિટેબલ કે સિંથેટિક મટિરિયલમાંથી નહીં, પરંતુ પ્રાણીઓના અવશેષોમાંથી બને છે. પ્રાણીઓના હાડકાંની માંસપેશીઓમાંથી બનતા જીલેટિન, મરઘીનાં ઇંડાં, ગર્ભનું પ્રવાહી, વાંદરાની કિડનીના સેલ્સ, ત્યજી દેવાયેલા માનવગર્ભના અને ગિનિપીગ્સના સેલ્સ, અન્ય પ્રાણીઓના બ્લડમાંથી નીકળતા સિરમ, પ્રોટીનના અવશેષો વગેરેમાંથી પોલિયો, સ્મૉલપોક્સ, હેપેટાઈટિસ, યેલો ફિવર, કાલા મઝાર, ન્યુમોનિયા અને હડકવા તેમ જ બર્ડ ફ્લૂની રસીઓ બને છે. ઉત્તર પ્રદેશના બરેલી, મેરગંજ, ફરીદપુર અને નવાગંજમાં એકસાથે ૨૦૦ બાળકોમાં રસી આપ્યા પછી પણ પોલિયોના લક્ષણ દેખાયા ત્યારે સરકાર ધ્રુજી ગઈ છે.

ડબ્લ્યુ.એચ.ઓ.એ પોતે અહીંથી ૫૫૫૧ સેમ્પલ કલેક્ટ કરીને લઈ ગયા છે. આ રોગને નોન પોલિયો એક્યુફ્લેસિડ પેરેલીસિસ (એએસપીપી)નું રૂપકડું નામ આપવામાં આવ્યું છે. જેનાથી બાળકને અનેક પ્રકારના ન્યુરો રોગ થવાની શક્યતા છે.

આપણે ત્યાં બાળકોને ગર્ભમાં જ વૅક્સિનેટ કરવા આવતાં હતાં. માતાને સુવર્ણવસંત માલતી, કુમાર કલ્યાણ રસ, સોનાનું પાણી આદિ પીવડાવવામાં આવતું હતું. બાળક જન્મે ત્યારે ગળથુથીમાં જાણકાર વૈદ્યોની સલાહ મુજબ તો સુવર્ણ પ્રાશન કરાવવામાં આવે છે, પરંતુ તે સિવાય દર પુષ્ય નક્ષત્રમાં મેઘ ઔષધીઓ જેમ કે બ્રાહ્મી, શંખપુષ્પી આદિના મિશ્રણમાં સોનાની લગડીને ગરમ કરીને છમકારવામાં આવે અને ચાંદીના પાત્રમાં તે ઔષધિ લઈને સુવર્ણની સળીથી બાળકને આપવામાં આવે છે. આડઅસર વગરની આપણી આ પ્રાચીન પરંપરાઓ બાળકને જીવનભર માટે ઈમ્યુનિટીનો ઇન્શ્યોરન્સ આપે છે.

**- અતુલકુમાર વ્રજલાલ શાહ (સીએ)**

જન્મભૂમિ પ્રવાસી

નામ :
સરનામું :
ફોન :

આ કૂપન લઈ આવનારને દાંતની દરેક પ્રકારની સારવાર આધુનિક મશીન દ્વારા રાહતના દરે અને દાંતનું ચૅકઅપ નિ:શુલ્ક

**જીવન જ્યોત ડ્રગ બૅન્ક**
**સમય : સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી. રવિવારે બંધ**
જી-૩, ગાંજાવાલા ટાવર, સાને ગુરુજી માર્ગ, સુમન જ્વેલર્સની પાછળ, તારદેવ, મુંબઈ-૩૪.
ફોન : ૨૩૫૨૩૭૧૫ /૨૩૫૨૯૦૪૭
મોબાઈલ : ૯૩૨૨૨ ૩૧૮૪૫
www.jivanjyotdrugbank.org
e-mail:jjdb08@gmail.com

જીવન જ્યોત ડ્રગ બૅન્ક રાજ્ય સરકારે ઉપએસીની મંજૂરી આપી છે. દાનવીરોને ૧૦૦% કરરાહત મળશે.